* R R - 0 2 1 6 / 4 6 0 0 *

# RR-0216

## Third Year B. A. Examination

**March / April – 2010**

**Gujarati : Paper-VI**

*(કમ્પ્યૂટર પરિચય અથવા નિબંધ, ગદ્ય વિવરણ, કાવ્યરસ દર્શન, છંદ, અલંકાર)*

Time : Hours] [Total Marks :

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **T. Y. B. A.**

Name of the Subject :
☛ **Gujarati : 6**

☛ Subject Code No. : **0 2 1 6** ☛ Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) અક્ષર અને જોડણી મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવાશે.

(૩) બધા પ્રશ્નોના ગુણ **સરખા** છે.

(૪) કમ્પ્યૂટરના પ્રશ્નનો જવાબ આપનારે નિબંધના પ્રશ્નનો જવાબ આપવાનો નથી.

૧ અંગત કમ્પ્યૂટરની વ્યાખ્યા જણાવી તેનાં લક્ષણો, મર્યાદા અને ઉપયોગ વિશે ચર્ચા કરો.

**અથવા**

૧ ગમે તે **બે** વિશે નોંધ લખો :

(૧) માઈક્રો કમ્પ્યૂટર

(૨) સુપર કમ્પ્યૂટર

(૩) સ્મૃતિ સંચય.

**અથવા**

૧ ગમે તે **એક** વિશે નિબંધ લખો :

(૧) સાહિત્ય અને સમાજ

(૨) આજનું શિક્ષણ

(૩) વર્તમાન સમયમાં નારીની સ્થિતિ

(૪) કુદરતી આપત્તિ અને તેનું નિયમન.

૨ પ્રસ્તુત ગદ્યખંડનું વિવરણ કરો :

કલાકૃતિ આપણા ચિત્તમાં એક પ્રકારનો આનંદનો ભાવ જન્માવે છે. 'એક પ્રકારનો આનંદનો ભાવ' એમ એટલા માટે કહેવું પડે છે કે જીવનના બીજા ઘણા અનુભવો પણ આપણને આનંદ આપે છે, પરંતુ ત્યા જે કારણે આનંદ પડે છે, તે કારણે કળામાં આનંદ પડતો નથી. જીવનના અનુભવોમાં સામાન્ય રીતે આપણી અપેક્ષાઓ સંતોષાવાથી આનંદ થાય છે. પણ કલાની કૃતિઓનું પ્રયોજન આપણી ભૌતિક અપેક્ષાઓ સંતોષવાનું નથી. એમનો અનુભવ નિરપેક્ષ દષ્ટિએ લેવાનો હોય છે. એ રીતે એમનો અનુભવ લઈએ અને જે આનંદ મળે તે જ કલાનો આનંદ કહેવાય.

- ***જયંત કોઠારી***

**અથવા**

૨ સાહિત્યકૃતિ પોતાની રસકીય સમૃદ્ધિ તો પૂરેપૂરી ખીલવે જ - લલિત સાહિત્યની સૌથી પહેલી અને પાયાની શરત એ પૂરી કરે એ તો ખરું જ - પણ પોતાની 'સાહિત્યિકતા' સાચવીનેય તે ભાવકની ચેતનામાં જીવનનાં ગહન ગંભીર રહસ્યો સંક્રાંત કરે, અમુક નૈતિક સંવેદનાઓને સંકોરે કે ઊર્ધ્વ જીવનની દષ્ટિ પ્રગટાવી આપે - તો તે કૃતિ વધુ સાર્થક, વધુ ઈષ્ટ લેખાય. કૃતિ કળાત્મક બને તે સાથે અધ્યાત્મ કે નીતિપરક સંવેદનાનેય સમાવી લે એમ એમાં અપેક્ષિત છે.

- ***પ્રમોદકુમાર પટેલ***

૩ પ્રસ્તુત કાવ્યનું રસલક્ષી વિવરણ કરો :

**કવિનું વસિયતનામું**

કદાચ હું કાલે નહીં હોઉ -
કાલે સૂરજ ઊગે તો કહેજો કે,
મારી બિડાયેલી આંખમાં,
એક આંસુ સૂકવવું બાકી છે.

કાલે જો પવન વાય તો કહેજો કે,
કિશોર વયમાં એક કન્યાના
ચોરી લીધેલા સ્મિતનું પકવફળ
હજુ મારી ડાળ પરથી ખેરવવું બાકી છે.

કાલે કદાચ સાગર છલકે તો કહેજો કે,
મારા હૃદયમાં ખડક થઈ ગયેલા
કાળમીંઢ ઈશ્વરના ચૂરેચૂરા કરવા બાકી છે.

કાલે જો ચંદ્ર ઊગે તો કહેજો કે,
એને આંકડે ભેરવાઈને બહાર ભાગી છૂટવા
એક મત્સ્ય હજુ મારામાં તરફડે છે.

કાલે જો અગ્નિ પ્રગટે તો કહેજો કે,
મારા વિરહી પડછાયાની ચિતા
હજુ પ્રકટાવવી બાકી છે.
કાલે હું કદાચ નહીં હોઉં.

**- સુરેશ જોષી**

**અથવા**

૩ ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર

ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહીં શોર.
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
ભારનું વાહન કોણ બની રહે નહીં અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આ જ ગવાય રે ગાન,
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
જલભરી દગ સાગર પેખે, હસતી કમલફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય દુકૂલ.
નિબિડ રાતના કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
આપણે ના કંઈ રંક ભર્યો ભર્યો માંહ્યલો, કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર:
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર,
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?

**- રાજેન્દ્ર શાહ**

૪ (અ) પૃથ્વી, શાલિની, હરિગીત, શાર્દૂલ, વિક્રીડિતમાંથી કોઈ પણ **બે** છંદ વિશે લખો:

(બ) કોઈ પણ **બે** છંદ ઓળખાવી બંધારણ સમજાવો :
 (૧) તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો.
 (૨) ફર્યો તારી સાથે પ્રિયતમ સખે ! સૌમ્ય વચનાં.
 (૩) 'બા-બાપુ ! ના કશું ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'
 (૪) નિર્દોષ ને નિર્મળ આંખ તારી,
  હતી હજી યૌવનથી અજાણી.

૫ (અ) કોઈ પણ **બે** અલંકાર વિશે લખો :

વ્યતિરેક, અપહ્નુતિ, ઉપમા, વ્યાજસ્તુતિ.

(બ) કોઈ પણ **બે**ના અલંકાર ઓળખાવી તેના દ્વારા પ્રગટતા કાવ્યત્વને સ્ફૂટ કરો :

(૧) સંસાર હીંડોળે બાંધ્યો રે બ્રહ્મે
કોઈ કર્મ હીંચે કોટિ જીવડા રે.

(૨) જોજનનાં જોજન લગ દેખો,
એક નહીં ડુંગર પેખો,
વિરાટ જાણે ખુલ્લી હથેળી સમથલ, ક્ષિતિજે ઢળતી.

(૩) મૃગટોળાનાં શૃંગ વધીને
વધતાં વધતાં વગડો થૈ ફેલાયાં
નેસના ગાયભેંસની ખરીઓમાંથી
ખળખળ ઝરણા જળ રેલાયાં.

(૪) વળી આ વાંકડી મૂછે, કાંડે રૂપાની કલ્લીને,
બંડીમાં બાંય હીણી, આ રાતુડા ફાળિયે કંઈ.

---